# 17 YEARS OF PRABHAT

# 2006 TO 2023

**AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS**

**August 2023 | Issue No. 45 | A monthly newsletter**

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



ભાઇ અને બહેનનાં સંબંધને વધારે હુંફાળો અને મજબુત બનાવતો પર્વ .. રક્ષાબધન

# મહેરુન માટે આખરે શાળાના દરવાજા ખુલ્યા....

સમય કરતા વહેલા જન્મી હોવાથી મહેરુનનું વજન ખુબ ઓછું હતું. તે ખુબ જ નબળી દેખાઈ રહી હતી. પણ માતાપિતાને હતું કે, સમય જતા દિકરી સ્વસ્થ થઇ જશે એવી આશા સાથે તેઓ તેનો ઉછેર કરવા લાગ્યા. તેએકાદ વર્ષની હશે ત્યારે ઘરમાં વાસણ પડ્યા જેનો બહુ અવાજ આવ્યો, તેના મમ્મી તો ગભરાઈ જ ગયા. પણ બાજુમાં સુતી મહેરુન એ જ સ્થિતિમાં હતી.એને કોઇ ફેર ન પડ્યો.આ જોઇને તેના મમ્મીને ધ્રાસકો પડ્યો.કેમ દિકરીએ કોઇ રીસોપોન્સ ન આપ્યો. દિકરીને કદાચ સંભાળવામાં મુશ્કેલી છે એવી શંકા એમને થઇ અને તેથી જ ડોકટરની સલાહ લીધી. અને નિદાન થયું કે, મહેરુન HEARING IMPAIRMENT બાળક છે તેથી જ તેને સંભાળવામાં અને બોલવામાં મુશ્કેલી રહેશે.

ભવિષ્યમાં બાળક બરાબર થઇ શકશે એવી આશા સાથે માતા પિતાએ તેના બધા જ પ્રયાસો કરવા લાગ્યા.આ સમયે તેના મમ્મી કલકતામાં રહેતા હોવાથી તેનું સ્પેશીયલ શાળામાં એડમીશન કરાવ્યું. અહી તેને સ્પીચ થેરાપી તેની માતાએ પણ શીખી. જેથી તે તેની સાથે અસરકારક સંવાદ કરી શકે.પરંતુ ટૂંક સમયમાં જ પિતા અમદાવાદ હોવાથી તેમને કલકતા છોડવું પડ્યું.અહી તેમણે મહેરુનનું ખાનગી શાળામાં એડમીશન કરાવ્યું. માતા પિતાને એક જ આશા કે દિકરી ખુબ અભ્યાસ કરે અને આત્મનિર્ભર બને.

પણ આ કઈ સફર સરળ ન હતી. મહેરુનને તેની સ્થિતિને ધ્યાનમાં લઈને અભ્યાસ કરાવી શકે એવી શાળા મળવી મુશ્કેલ હતી.તેના પિતા કહે છે, અમે બે શાળાઓ બદલાવ્યા છતાં પણ કોઈ ખાસ અભ્યાસમાં પ્રગતિ ન જોઈ શક્યા.અને આખરે સામેથી શિક્ષકે કહ્યું કે," મહેરુનને હવે શાળામાં આગળ નહિ ભણાવી શકીએ તેને ઉઠાવી લો."  આ સ્થિતિ માતા પિતા બંને માટે અત્યંત પીડાદાયક હતી.હવે ખાનગી શાળામાં તેને રાખવા માટે એવી આર્થિક સ્થિતિ પણ ન હતી સાથે તેનો કોઈ ફાયદો પણ ન હતો. જયારે તેમના ઘરથી સરકરી શાળા દુર હતી તે એકલી ન જઈ શકે એવી સ્થિતિ આવી.આ સમયમાં કોવીડ મહામારી આવી અને મહેરુન બે વર્ષ સુધી શાળાનો ઉંબરો ઓળંગી ન શકી.

પરંતુ મહેરુનની શાળા જવાની તીવ્ર ઈચ્છા અને માતાપિતાનું  દિકરી માટેના આત્મનિર્ભર બનાવવાના સપનાને લીધે આશાની બારી ઉઘડી. પડોશી દ્વારા બાજુમાં જ ચિરાગ સ્કુલમાં પ્રભાત સંસ્થા દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકને શિક્ષણ અને થેરાપી આપવામાં આવે છે તેવી માહિતી મળી. સમયનો વિલંબ કર્યા વિના પરિવારે બેરલ માર્કેટની મુલાકાત લીધી. તેમને થયું કે, અહી દિકરી આવશે તો ચોક્કસ ફાયદો થશે. અને મહેરુન બેરલ માર્કેટ –ડેહલુમાં એડમીશન લઈને પ્રભાતનો ભાગ બની.

પરંતુ મહેરુનને તો મુખ્ય શાળામાં જ જવાનું મન.તેને યુનિફોર્મ પહેરીને નોર્મલ શાળામાં જવાની ઈચ્છા થાય અને તે હમેશા માતા પિતાની સામે એજ પ્રશ્નાર્થ ભરી આંખે જુવે કે કેમ ??? હું એ શાળામાં ન જઈ શકું ? પરંતુ તેનો જવાબ તેને ન મળે.આ તેની ઈચ્છા પ્રભાતની ટીમને ખબર તેથી તેના માટે એ જ ગોલ તેમણે નક્કી કર્યો. કે તેને નોર્મલ શાળામાં મહેરુન નું એડમીશન કરાવવું. આ માટે તેને તૈયાર કરવાની હતી. એ પ્રકારનું શિક્ષણ તેને આપવાનું હતું.કે જેથી તેના બે વર્ષ જે ગેપ પડ્યો હતો તેનું રીકવર થઇ શકે.

આની શરૂઆત પ્રભાત ટીમે  મહેરુનને ગમતી પ્રવૃતિઓથી કરી. ડાન્સ અને ડ્રોઇંગ તેને ખુબ ગમે અને તેથી જ તેને વિવિધ ટાસ્ક માટે એને માધ્યમ બનાવવામાં આવ્યા.સમયાંતરે માતા પિતા સાથે તેની ચર્ચા થવા લાગી. ભાષા અને ગણિત બંને વિષયો પર ધ્યાન આપવામાં આવ્યું. તેનામાં આત્મવિશ્વાસ વધે તે માટે ડેહલુમાં તેને અન્ય બાળકોને શીખવવાનું કહેવામાં આવતું.જેતે ખુબ સારી રીતે કરી શકતી. તેથી જ 'શિક્ષક દિવસ 'ના તે શિક્ષક બની બાળકોને ભણાવતી પણ ખરી. તેનું શૈક્ષણિક સ્તર વધવા લાગ્યું.પરિવાર તેની પ્રગતિ જોઇને ખુશ હતા.

આ ખુશી ત્યારે બેવડાઈ જયારે ચિરાગ સ્કુલમાં તેનું આ શૈક્ષણિક વર્ષમાં એડમીશન કરવામાં આવ્યું. તેનો ૬ ધોરણમાં પ્રવેશ આપવામાં આવ્યો. મહેરુનની ખુશીનો પાર ન હતો. હવે તે શાળામાં યુનિફોર્મ પહેરીને નિયમિત જાય છે. આ સાથે તેને તેના અભ્યાસમાં મુશ્કેલી ન આવે તેથી તેને એક્સ્ટ્રા ક્લાસ પ્રભાતના સ્પેશીયલ એજ્યુકેટર દ્વારા સમયાંતરે આપવામાં આવે છે. એક નવી ઉડાન સાથે મહેરુન આગળ વધી રહી છે.આવતા સપનાઓને રોકીએ નહિ, બનતા દરેક પ્રયાસો માટે સાથે મળીને મહેનત કરીએ ખબર નહિ ક્યારે મહેરુન જેવા કેટલાય બાળકો 'નવી ઉડાન' ભરી શકે.

**લખનાર : નીકુલ સોલંકી (સ્પેશીયલ એજ્યુકેટર )**







# મંથલી અપડેટ

**Jacobs ટીમની મુલાકાત :** તીવ્ર વિકલાંગતાને લીધે જે બાળકો પ્રભાતના સેન્ટર સુધી પહોચી શકતા નથી એવા બાળકો માટે પ્રભાત Home- base Programme ચલાવે છે. જેના માધ્યમથી જરૂરી થેરાપી અને દરરોજના જરૂરી કાર્ય બાળક કરી શકે તે માટે શિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં પ્રભાતને એક સાથી **Jacobs (https://www.jacobs.com )** છે. જેના લીધે આ કાર્યક્રમ સારી રીતે અમલી બની શકેલ છે. આ મહીને તેમની ટીમના સભ્યો શ્રી સુનીલ ગજ્જર , શ્રી તૃપ્તિ પટેલ અને શ્રી પંકજ ખોખાની દ્વારા મુલાકાત લેવામાં આવી. તેમને ટીમ અને બાળકો સાથે સંવાદ કર્યું, કાર્ય વિષે માહિતગાર બન્યા. તેમને કાર્ય જોઈને અને ટીમ સાથે સંવાદ બાદ સંતોષની લાગણી થઇ અને તેમણે ટીમને પણ પ્રોત્સાહિત કર્યા. આ પ્રક્રિયામાં જેકોબસ ટીમ અને પ્રભાત ટીમ સાથે અનુભવ અને શીખનું આદાન પ્રદાન રહ્યું. જે ચોક્કસ આ કાર્યક્રમને નવી ઉર્જા અને મજબૂતાઇ આપશે. https://www.linkedin.com/posts/sunilgajjar_csrinitiatives-educationforall-inclusionmatters-activity-7102272461072707585-oaLC?utm_source=share&utm_medium=member_android

**નેટવર્કિંગ :**

- જનવિકાસ અને અન્ય સંસ્થાઓના પહેલથી સેફસિટી અમદાવાદ પ્રોજેક્ટ અન્વયે શહેરી સલામતી માટે થયેલ અભ્યાસના તારણોની રજૂઆત પ્રભાત ટીમ સાથે કરવામાં આવી હતી. જે અન્વયે વિવિધ થીમોને તેના આધારે પ્રાથમિકતામાં મુકવામાં આવી હતી. આ અન્વયે વિકલાંગતાની થીમ માટે પ્રભાત સાથે ચર્ચા કરવામાં આવી. જેમાં વધારે નક્કર માહિતી અને સ્થાનિક લોકોની સહભાગી વિકસે તે માટે તેમની સાથે પણ બેઠક થઇ જેમાં સ્થાનિક પ્રશ્નો અને સ્થિતિ સંદર્ભે વધારે અસરકારક માહિતીનું આદાન પ્રદાન થઇ શક્યું હતું. શાળાના આચાર્ય, શિક્ષક, આંગણવાડી કાર્યકર, વાલીઓ સહભાગી બન્યા હતા.
- અમદાવાદ યુનિવર્સીટીમાં પ્રણવભાઈ અને કાશ્મીરા બેન દ્વારા ઓરીએન્ટેશન કરવામાં આવ્યું. જેમાં પ્રભાત વિષે માહિતી આપવામાં આવી સાથે કઇ રીતે વિધાર્થીઓ ઇન્ટરશીપના કાર્યક્રમમાં વધારે અસરકારક પર્વૃતિઓ કરી શકે તે માટે વિચારો વ્યક્ત કર્યા.
- **રીવરસાઈડ લર્નિંગ સેન્ટર (RLC )ના માધ્યમથી મહાત્મા ગાંધી મિશન (M.G.M) – ઔરંગાબાદ અને આનંદ નિકેતન ગ્રુપ દ્વારા પ્રભાત સેન્ટરની મુલાકાત:** RLC તરફથી થતા પ્રશિક્ષણ અન્વયે M.G.M અને આનંદ નિકેતન ગ્રુપથી સહભાગીઓ પ્રભાત સેન્ટરની મુલાકાત કરી હતી. અહી તેમણે પ્રભાતની કાર્યશૈલી અને અભિગમને સમજવાનો પ્રયાસ કર્યો હતો. કઇ રીતે મોટા લક્ષ્યને પહોચી વળવા માટે ફિલ્ડ સ્તરના આયોજનની જરૂર હોય છે તથા ઓછા સંસાધનમાં પણ રચનાત્મકતાની સાથે પરિણામલક્ષી કાર્ય કરવાની પદ્ધતિને તેમણે જોઈ હતી. અહી પ્રભાત મુખ્ય ધારાની શાળામાં વિશિષ્ટ જરૂરિયાતને લઈને પ્રભાતના કાર્યનું અને અનુભવનું આદાનપ્રદાન કરી શકાયું હતું. જે ચોક્કસ બહોળા સ્તરે આ વિચારનો પ્રસાર થઇ શકશે.

**રક્ષાબંધનની ઉજવણી :** પરિવારમાં જેમ રક્ષાબંધની ઉજવણીની તૈયારી પહેલેથી જ શરુ થઇ જાય છે તેમ પ્રભાતમાં પણ એવો જ માહોલ હોય છે. પહેલેથી જ રાખડીઓ બનાવતા બાળકો આપણને નજરે ચડે. તો સાથે વાલીઓ પણ ગોઠવાયેલા હોય. આ માહોલ ખુબ ઉર્જાવાન હોય છે.

અંતે બનાવેલ રાખડીઓને કાંડે બાંધવાનો દિવસ આવ્યો. ભાઈઓ પોતાની બહેન માટે કશુક ને કશુક લઇ આવ્યા હતા. દરેક વ્યક્તિ તૈયાર થઇને આવ્યા હતા. રાખડી બાંધવાની અને બંધાવવાની આ ક્ષણ ખુબ જ રોમાંચ અનુભવાય એવી હતી. દરેકના ચહેરા પર ખુશી હતી. આ રીતે મીઠાઇ અને નવીન ભોજન સાથે બાળકોને રક્ષાબંધનનું આ પર્વની ઉજવણી માં ભાગ લીધો હતો.

**સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી :** સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી એ પ્રભાત માટે હમેશા વિશિષ્ટ રહે છે. કારણ કે આ લોકશાહીનું પર્વ પ્રભાતને તેના લક્ષ્યમાં આગળ વધવા માટે હિમ્મત આપે છે. 77 માં સ્વાતંત્ર્ય દિવસ નિમિતે બાળકો, વાલી અને ટીમ સહભાગી બન્યા હતા. ડાન્સ, ક્રાફટ જેવી પ્રવૃતિઓથી બાળકો ખુબ જ આનંદિત થયા હતા તો દરેક બાળકોના હાથમાં રાષ્ટ્રધ્વજ એક નવી આશાનું પ્રતીક જણાઇ રહ્યું હતું.

**NIDના વિધાર્થીઓ દ્વારા થયેલ પ્રવૃત્તિ:** સમયાંતરે NIDના વિધાર્થીઓ દ્વારા મુલાકાત થાય છે અને રીસર્ચ બાદ તેઓ પ્રોડક્ટ બનાવે છે. આ મહીને સ્પીચ થેરાપી ને લઈને મેજિક રોબોર્ટ, મ્યુઝીક થેરાપી માટે એપ અને મોટર મોટર ડેવલપિંગ માટે તેમણે ટર્નલ બનાવી હતી. આ દરેક પ્રોડક્ટ નું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું અને સાથે કોલેજમાં તેને લઈને પ્રેઝન્ટેશન પણ કરવામાં આવેલ. જેમાં પ્રભાતની ટીમમાંથી જાગૃતિ બેન અને કાશ્મીરા બેન સહભાગી રહ્યા હતા.

આ પ્રોડક્ટ માટે વિધાર્થીઓ અને પ્રભાત ટીમ સાથે ચર્ચા થાય છે. સંસાધન અને સ્થિતિને ધ્યાનમાં રાખીને હમેશા પ્રોડક્ટ તેઓ બનાવે છે. તેથી જ પ્રભાત ટીમ અને વિધાર્થીઓ બંને માટે શીખવાનું એક માધ્યમ બનતું હોય છે. આ ઉપરાંત Hiper active બાળકોની હોમ વિઝીટ NID ના વિધાર્થીઓ દ્વારા કરવામાં આવી જેમાં તેઓ તેની સ્થિતિને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

**રીવર સાઈડ સ્કુલ સાથે સંવાદ (Coffee with river side )** બડી ઇન્ટરેકશનના માધ્યમથી એક એવી પેઢી તૈયાર કરવી કે જે વિશિષ્ટ જરૂરિયાત ધરવતા બાળક / વ્યક્તિ માટે સંવેદનશીલ હોય અને તેના માટે સમાવેશી અભિગમ અપનાવી શકે. આ કાર્યક્રમ દ્વારા અનેક બાળકોમાં આ મુલ્યનું જતન થઇ રહ્યું છે. આ જ પરંપરાને આગળ વધારવા દર વર્ષની જેમ રીવર સાઈડના નવા બાળકો (ગ્રેડ -6 )સાથે સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો અને તેમણે પ્રભાત સંસ્થા વિષે ઊંડાણ પૂર્વકની ચર્ચા કરવામાં આવી. અહી બાળકો પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેઓ પ્રભાત સેન્ટરની મુલાકાત લે તે પહેલા આ પ્રક્રિયા કરવામાં આવી હતી. જેથી તેઓ પ્રાથમિક સ્તરે વિષય અને પરિસ્થિતિ સાથે તાલમેલ બનાવી શકે. આ સંવાદ પ્રક્રિયા હમેશાની જેમ રસપ્રદ રહી. હમેશા નવા બાળકો સાથે નવીન રીતે વિચારોની અભિવ્યક્તિ એમના નવા સવાલો પ્રભાતને હમેશા વધારે મજબુત કરાવતું જાય છે.

**સહાયક સેવાઓ :**

7 મેડીકલ સર્ટીફીકેટ માટે સરકારી સિવિલ હોસ્પિટલ અસારવા લઇ જઈ કરાવવામાં આવ્યા. રેલ્વેપાસ માટે ઓનલાઇન 05 અને ઓફલાઈન 05, સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસ માટે 9 ફોર્મ ઓનલાઈન પાસ, પેન્શન યોજના – 05 ફોર્મ ભરવામાં આવ્યા. અને 1 બાળકનું બેંકમાં એકાઉન્ટ ખાતું ખોલવામાં આવ્યું.

**સાધન સહાય વિતરણ :** અગાઉ કરેલ ઓનલાઈન ફોર્મ ભરેલ તેમાંથી આ મહિના દરમ્યાન 02 અલ્પાહારની કીટ નું વિતરણ કરવામાં આવ્યું. Composite Regional Centre (CRC) ઓઢવથી 08 લાભાર્થીને બેટરીવાળી સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું. 10 ટ્રાયસાઇકલ , 29 કેલીપર્સ વિતરણ કરવામાં આવ્યું.

# ફોટો ગેલરી











**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org